કલેક્ટર
અને જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરી,
ડાંગ
જિ.ડાંગ-આહવા

સત્યમેવ જયતે

નં.ફજદ/વશી/૯૨૩૮-૯૨૬૭/૨૦૨૦
જિલ્લા સેવા સદન, આહવા
જિ.ડાગ-આહવા પીન-૩૯૪૭૧૦
ટેલિ. નં. ૦૨૬૩૧-૨૨૦૨૦૧
ફેક્સ નં. ૦૨૬૩૧-૨૨૦૨૯૪
ઇ-મેઇલ. collector-dan@gujarat.gov.in

તા.૨૬/૧૦/૨૦૨૦

વંચાણમાં લીધું :

(૧) ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયના હુકમ નં.૪૦-૩/૨૦૨૦/ડીએમ-આઇ-એ તા.૩૦/૦૯/૨૦૨૦
(૨) ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના જાહેરનામા ક્રમાંક: જીજી/૬૫/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૦૧/૧૦/૨૦૨૦
(૩) ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના હુકમ ક્રમાંક :વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૦૭/૦૬/૨૦૨૦
(૪) ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના હુકમ ક્રમાંક :વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૦૯/૧૦/૨૦૨૦
(૫) ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના હુકમ ક્રમાંક :વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૧૪/૧૦/૨૦૨૦
(૬) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંકઃફજદ/વશી-૨૯૧૭ થી ૨૯૪૨/૨૦૨૦ તા.૦૮/૦૬/૨૦૨૦
(૭) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંકઃફજદ/વશી- થી ૮૫૧૫/૨૦૨૦ તા.૦૩/૧૦/૨૦૨૦
(૮) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંકઃફજદ/વશી-૯૧૦૭ થી ૯૧૩૬/૨૦૨૦ તા.૧૩/૧૦/૨૦૨૦

**// હુકમ //**

સમગ્ર ગુજરાત રાજયમાં તેમજ ભારતમાં નોવેલ કોરોના વાઇરસ COVID-19 ફેલાયેલ છે જેને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. આ બાબતે ભારત સરકારશ્રી તેમજ ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાઇરસ COVID-19 ને ફેલાતો અટકાવવા વિવિધ માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવેલ છે.

સમગ્ર ગુજરાત રાજય તેમજ ભારત દેશના કેટલાક વિસ્તારોમાં COVID-19 ના કેસો તપાસ દરમ્યાન બહાર આવી રહેલ છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના આમુખ (૧) ના હુકમથી વિગતવાર માર્ગદર્શિકા જાહેર કરી સમગ્ર દેશમાં તા.૩૧-૧૦-૨૦૨૦ સુધી કેટલીક છુટછાટ સાથે લોકડાઉનની અવધિ લંબાવવા આદેશ કરેલ છે. જેના અનુસંધાને કેન્દ્ર સરકારના ઉક્ત હુકમ અન્વયે આમુખ-(૨) થી સરકારશ્રીના ગૃહ વિભાગ દ્વારા લોકડાઉન અંગેની માર્ગદર્શિકા સાથે જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. સદરહું હુકમો અન્વયે ડાંગ જિલ્લામાં આમુખ (૭) થી કન્ટેનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં કેટલીક છુટછાટ સાથે લોકડાઉનની અવધિ તા.૩૧/૧૦/૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ છે.

કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા તકેદારીના ભાગરૂપે ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગ દ્વારા આમુખ-(૩) થી ધાર્મિક સ્થળો/ઉપાસના સ્થળોએ COVID-19 ના ફેલાવા માટેના નિવારક પગલા સબંધમાં SOP જાહેર કરવામાં આવેલ છે. જે અન્વયે ડાંગ જિલ્લામાં આમુખ-(૬) થી ધાર્મિક સ્થળો/ઉપાસના સ્થળોએ માર્ગદર્શિકાના અસરકારક અમલીકરણ માટે હુકમ કરવામાં આવેલ છે. અત્રેના જીલ્લામાં તહેવારોની ઉજવણી કરવા અંગે માર્ગદર્શિકાના અસરકારક અમલીકરણ કરવા અંગે આમુખ-(૮) થી કરેલ હુકમના મુદ્દા નં.C-(૨) અને C-(૩) મા આમુખ-(૫) માં દર્શાવેલ હુકમથી સ્પષ્ટી કરણ કરવામાં આવેલ છે. આથી ધાર્મિક સ્થળો/ઉપાસના સ્થળો તેમજ તહેવારોની ઉજવણી અંગે નીચે મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવા આથી હુકમ કરવામાં આવે છે.

(૧) મંદીરો, નવરાત્રીની ઉજવણી તથા ધાર્મિક કાર્યક્રમોમાં ખુલ્લી જગ્યાએ અગાઉથી તૈયાર કરેલ પ્રસાદ ફક્ત "Packet" માં વિતરણ કરી શકાશે. પેક કર્યા સિવાયના ખુલ્લા પ્રસાદનુ વિતરણ કરી શકાશે નહી.

(૨) પ્રસાદ વિતરણ કરનારે ફરજિયાતપણે Hand Gloves પહેરવાના રહેશે તથા આયોજકે/સ્થળ સંચાલકે Social Distance જળવાઈ રહે તે મુજબની વ્યવસ્થા ગોઠવવાની રહેશે. ઉક્ત સુચનાઓનો ચુસ્તપણે અમલ થાય તે માટે સંચાલક/આયોજકોએ ઉચિત વ્યવસ્થા કરવાની રહેશે.

ઉપર મુજબની સુચનાઓ ઉપરાંત ભારત/રાજ્ય સરકારશ્રીના ગૃહ મંત્રાલય/આરોગ્ય વિભાગ દ્વારા વખતોવખત આપવામાં આવેલ સુચનાઓ તેમજ અત્રેની કચેરીના જાહેરનામાનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે માર્ગદર્શિકાઓના ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ધ. ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, ૨૦૦૫ તેમજ ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની જોગવાઈ ઓ હેઠળ કાર્યવાહીને પાત્ર થશે.

આજ તા. /૧૦/૨૦૨૦ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

(એન.કે.ડામોર)
જિલ્લા મેજીસ્ટ્રેટ
ડાંગ-આહવા

જિલ્લા મેજીસ્ટ્રેટ ડાંગ
આહવા

પ્રતિ,

(૧) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ડાંગ

(૨) પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ

**નકલ સવિનય રવાના જાણ સારૂ :-**

(૧) માન. અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ સચિવાલય ગાંધીનગર તરફ.

(૨) માન. અધિક મુખ્ય સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ.

(૩) માન. અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ

(૪) માન. પોલીસ મહાનિર્દેશકશ્રી, અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગાંધીનગર તરફ.

**નકલ રવાના :**

(૧) અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી,આહવા જી.ડાંગ.

(૨) પ્રાંત અધિકારી અને સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી,આહવા જી.ડાંગ

(૩) નાયબ પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ-આહવા

(૪) ચીફ ઓફીસરશ્રી,નોટીફાઈડ એરીયા કચેરી,સાપુતારા જી.ડાંગ.

(૫) મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, આહવા/વઘઇ/સુબીર જી.ડાંગ.

(૬) આયોજન સહ તાલુકા વિકાસ અધિકારીશ્રી,આહવા જી.ડાંગ.

(૭) તાલુકા વિકાસ અધિકારીશ્રી, આહવા/વઘઇ/સુબીર જી.ડાંગ.

(૮) સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, ડાંગ

(૯) પોલીસ સબ ઈન્સપેકટરશ્રી,પોલીસ સ્ટેશન,આહવા/વઘઇ/સુબીર/સાપુતારા જી.ડાંગ.

૨/- હુકમની અમલવારી કરવા તથા કચેરીના નોટીસ બોર્ડ તથા જાહેર જગ્યાઓએ બહોળી પ્રસિધ્ધિ કરી રીપોર્ટ કરવા સારૂ. (અ.નં. ૧ થી ૯)

(૧૦) રજીસ્ટ્રારશ્રી, માન. પ્રિન્સિપાલ ડીસ્ટ્રીક્ટ એન્ડ સેસન્સ જજશ્રી, ડાંગ તરફ... જાણ સારૂ.

(૧૧) રજીસ્ટ્રારશ્રી, જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, આહવા/વઘઈ/સુબીર જી.ડાંગ તરફ... જાણ સારૂ.

(૧૨) સહાયક માહિતી નિયામકશ્રી, માહિતી ખાતુ, ડાંગ તરફ.

૨/-જિલ્લામાં બહોળી પ્રસિધ્ધી ધરાવતા વર્તમાનપત્રોમાં આઈટમ ઓફ ન્યુઝ તરીકે વિના મૂલ્યે પ્રસિધ્ધ કરવા સારૂ.

(૧૩) અધિક જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી, ડાંગ તરફ જરૂરી કાર્યવાહી સારૂ.

(૧૪) સિવિલ સર્જનશ્રી, જનરલ હોસ્પિટલ,આહવા જી.ડાંગ

(૧૫) અત્રેની કચેરીના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.